


# આહ્‌વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647

વર્ષ - ૫૧ જાન્યુઆરી - ૨૦૨૩ પત્ર - ૧૧૩


## ‘સીધો માર્ગ’ ગીતશાસ્ત્ર ૧૦૧:૨

મનુષ્ય જીવનમાં માર્ગ મહત્વની બાબત છે. જીવનમાં યોગ્ય માર્ગ પસંદ કરી એ માર્ગમાં ચાલવું જોઈએ અને એ વિશેની સભાનતા પણ હોવી જોઈએ. આપણા જીવનનો માર્ગ શું છે અને કોણ છે ? એ સમજ ચોક્કસપણે હોવી જોઈએ. આ માર્ગ પ્રાપ્ત કરી અને તે માર્ગમાં ચાલવું જોઈએ. આ બાબત માટે આપણી પ્રાર્થના પણ હોવી જોઈએ અને તે માટે આપણું સમર્પણ પણ હોવું જોઈએ. ગીતશાસ્ત્ર ૧૦૧માં દાઉદ વારંવાર આજ બાબત જણાવે છે અને સાચા યોગ્ય માર્ગ માટે નિર્ધાર કરે છે. તે જણાવે છે કે હું સાચા માર્ગનું ધ્યાન રાખીશ. આગળના વચનોમાં શું કરીશ અને શું નહિ કરું તે બાબતો જણાવે છે. ગીતશાસ્ત્ર ૧૪૩:૧૦ મા વચનમાં દાઉદ દેવને પ્રાર્થના કરતાં કહે છે કે ‘મને તારી ઈચ્છા પ્રમાણે વર્તવાનું શીખવ, કેમ કે તું મારો દેવ છે; તારો ઉત્તમ આત્મા મને સપાટ માર્ગે દોરો.’

આ સીધો, ઉત્તમ અને સપાટ માર્ગ શું છે અને કોણ છે ? પવિત્રશાસ્ત્રમાં યોહાન ૧૪:૬માં પ્રભુ ઈસુ જણાવે છે કે ‘માર્ગ, સત્ય અને જીવન હું છું.’ પ્રભુ ઈસુ આપણો માર્ગ છે. પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરતાં તેમના શિક્ષણ, ઉપદેશ પ્રમાણે ચાલતાં આપણે સીધા, સપાટ અને ઉત્તમ માર્ગમાં પસાર થઈએ છીએ.

માત્થી ૩:૨-૩માં પસ્તાવો કરવો અને પ્રભુના માર્ગને તૈયાર કરવા જણાવ્યું છે. પ્રભુના રાજ્ય માટે અને તે માર્ગમાં ચાલવા પસ્તાવો કરવો એ મહત્વની બાબત છે. પસ્તાવો એટલે આપણા પાપોની કબુલાત અને પ્રભુનો સ્વીકાર કરવો. દાઉદ ભક્ત ગીતશાસ્ત્ર ૫૧માં પસ્તાવો કરતાં કહે છે કે મારા અન્યાયથી મને પૂરો ધો અને મારા પાપથી મને શુદ્ધ કર. જ્યારે આપણે આપણા પાપોનો પસ્તાવો કરીએ છીએ ત્યારે જ માર્ગ સીધો, સપાટ અને ઉત્તમ થાય છે.

પવિત્રશાસ્ત્રમાં ૧ કરિંથી ૧૨:૩૧ માં સંત પાઉલ એક ઉત્તમ માર્ગની વાત કરે છે અને તે પ્રાપ્ત કરવા જણાવે છે. આ ઉત્તમ માર્ગ એ પ્રેમ રાખવા સંબંધીનો છે. પ્રભુ ઈસુનો ઉપદેશ અને શિક્ષણ પ્રેમ સંબંધીનું છે. માર્ક ૧૨:૩૦-૩૧માં પ્રભુ ઈસુ કહે છે કે પૂરા હ્રદયથી પ્રભુને પ્રેમ કરવો અને જેવો પોતા પર તેવો પડોશી પર પ્રેમ કરવો. રોમન ૧૩:૧૦ જણાવે છે તે પ્રમાણે પ્રેમ એ નિયમનું સંપૂર્ણ પાલન છે.

વ્હાલાઓ ગત વર્ષમાં આપણે કોઈ પણ રીતે પ્રભુથી વિમુખ થયા હોઈએ તેમજ સંગત અને સેવા તથા પ્રભુને મહિમા આપવામાં મંદ-પાછા પડયા હોઈએ તો પસ્તાવો કરી પ્રભુની ગમ ફરીએ તથા આપણામાં પ્રભુ પ્રત્યેના પ્રેમ અને સેવા-સંગતમાં ઓટ આવી હોય તો પસ્તાવો કરી અને પ્રભુના સીધા, સપાટ અને ઉત્તમ માર્ગમાં ચાલીએ.

## BIRTHDATE IN JANUARY

| | |
|---|---|
| ૨/૧ | વેલેરી આનંદ ક્રિશ્ચિયન |
| ૩/૧ | એનેટ એન્થની ક્રિશ્ચિયન |
| ૩/૧ | જેનીફર જીતેન્દ્ર મહિડા (U.S.A.) |
| ૪/૧ | ડૉ. કેયુર એમ. ચૌહાણ (U.S.A.) |
| ૪/૧ | એન્થની એસ. ઈમાનુએલ |
| ૭/૧ | ડેની એ. હેરી |
| ૭/૧ | પ્રકાશ એસ. ખ્રિસ્તી |
| ૮/૧ | એનન એલ. પેલમોર |
| ૯/૧ | શ્રેયાંશી એસ. અર્લિક |
| ૧૦/૧ | અર્પિતા ડી. હેરી |
| ૧૧/૧ | નિમીષા પી. ક્રિશ્ચિયન |
| ૧૪/૧ | નિરવ આર. મહિડા |
| ૧૫/૧ | અશ્વિન બી. પરીખ |
| ૧૭/૧ | લીના એ. પેટ્રીક |
| ૧૮/૧ | રીનીષા પી. ક્રિશ્ચિયન |
| ૧૮/૧ | વાયોલેટ વી. ક્રિશ્ચિયન |
| ૧૮/૧ | બ્રિન્ઝા આર. મોદી |
| ૧૮/૧ | ટ્રીના ડી. હેરી |
| ૧૯/૧ | જ્યોતિ કે. વાઘેલા |
| ૨૩/૧ | વિક્ટરભાઈ વી. મેકવાન |
| ૨૫/૧ | અતુલ પી. મહિડા |
| ૨૬/૧ | ફેની એન્થની ક્રિશ્ચિયન |
| ૩૧/૧ | યાચના શેરીલ ક્રિશ્ચિયન |


આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી એક દાતા તરફથી મળેલ છે.

## ગત માસના કાર્ય તરફ દૃષ્ટિપાત

- તા. ૧-૧૨-૨૨ સાંજે ૬-૦૦ કલાકે શ્રી એમ્બ્રોઝે અને શ્રીમતી મહિમાના દિકરા એશરોનના પ્રથમ જન્મ દિવસે સી.એન.આઈ. ચર્ચ, એલિસબ્રીજ કંપાઉન્ડમાં આભારસ્તુતિની મિટીંગ રાખવામાં આવી હતી. જેમાં મેથોડિસ્ટ મિશનેરી મુવમેન્ટના ડાયરેક્ટર રેવ. સ્મિતાબેન રોઝિયા સાહેબે વચનની સેવા આપી હતી.
- તા. ૪-૧૨-૨૨ રવિવારની ભજનસેવા ચલાવી પ્રથમ રવિવાર હોવાથી પ્રભુભોજન પળાવ્યું.
  ભજનસેવા બાદ શ્રી ગૌરવકુમાર અને શ્રીમતી મેઘાબેન મેકવાન અરોરા કુટુંબ તરફથી તેમના બાળકો એરોન-આરીયાનાનો જન્મદિવસ (૬ ડિસેમ્બર) હોવાથી સર્વ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
  બપોરે ૨-૦૦ કલાકે ડિસ્ટ્રીક્ટ સન્ડે સ્કૂલ આયોજીત સન્ડેસ્કૂલની પરીક્ષા લેવામાં આવી હતી.
- તા. ૯-૧૨-૨૨ શ્રી સુનિલભાઈ કે. મેકવાનના દિકરી-જમાઈ કેનેડા જતા હોવાથી સાંજે ૬-૦૦ કલાકે સી.એન.આઈ. ચર્ચ હોલ, રાયખડમાં ખાસ આભારસ્તુતિની મિટીંગ રાખવામાં આવી હતી. અભિનંદન.
- તા. ૧૧-૧૨-૨૨ ભજનસેવામાં સ્થાનિક ચર્ચ સુવર્ણ મહોત્સવ નિમિત્તે ખાસ સ્તુતિ-આરાધના કરવામાં આવી હતી. ક્વાયરનો આભાર.
  ભજનસેવા બાદ શ્રીમતી ડોરોથીબેન જે. દાસ કુટુંબ તરફથી ભોજનની વ્યવસ્થા સ્વ. જીગ્નેશ દાસની યાદમાં કરવામાં આવી હતી. ડોરોથી આન્ટી, રીનાબેન તથા દિકરી મીલી સર્વનો આભાર.
- તા. ૧૩-૧૨-૨૨ સવારે ૧૦-૦૦ કલાકે મેથોડિસ્ટ મિશનેરી મુવમેન્ટની સંગતમાં હાજરી આપી તથા વચનની સેવા આપી હતી. ડાયરેક્ટર રેવ. સ્મિતાબેન રોઝિયા સાહેબનો આભાર.
- સાંજે ૬-૦૦ કલાકે સી.એન.આઈ. ચર્ચ, એલિસબ્રીજ કંપાઉન્ડમાં બાર્તિમાય સેન્ટર ફોર ધ બ્લાઈન્ડની ૨૫ વર્ષની ઉજવણીની સંગતમાં હાજરી આપી હતી. બિશપ એન.એલ.કરકરે સાહેબે અસરકારક વચન આપ્યું હતું.
- તા. ૧૪-૧૨-૨૨ ગુજરાત રીજીનલ કોન્ફરન્સના ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં ગોધરા મુકામે રાખેલ શતાબ્દી મહોત્સવ ઉજવણીમાં સ્થાનિક ચર્ચના આગેવાનો સાથે હાજરી આપી હતી. ખૂબ જ મોટી સંખ્યામાં સભ્યોએ હાજરી આપી હતી. માનવંત બિશપ એન.એલ.કરકરે સાહેબે પ્રસંગ અનુસાર ખૂબ જ ઉત્તેજન આપતો પડકારદાયક સંદેશો આપ્યો હતો. આ ઉજવણી ખૂબ જ આશીર્વાદિત અને ઉત્તેજનદાયક રહી હતી. ગુજરાત રીજીનલ કોન્ફરન્સને પ્રાર્થના સહ શુભેચ્છા.
- તા. ૧૫-૧૨-૨૨ શ્રી એન્થનીભાઈ એ. ક્રિશ્ચિયનના ઘરે ખાનપુર તથા આજુબાજુના સર્વ સભ્યો સાથે કેરલ્સમાં જોડાયા હતા. શ્રી એન્થનીભાઈ કુટુંબ તરફથી સર્વ માટે ચ્હા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવીહતી. આભાર.
- તા.૧૬-૧૨-૨૨ શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયનના ઘરે સાંજે પાલડી વિસ્તાર અને આજુબાજુના સભ્યો કેરલ્સમાં જોડાયા હતા. શ્રી પ્રશાંતભાઈ કુટુંબ તરફથી સર્વ માટે ઠંડા પીણા અને નાસ્તો આપવામાં આવ્યો હતો. આભાર.
- તા.૧૮-૧૨-૨૨ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી હતી. ભજનસેવાબાદ શ્રી કેનીભાઈ એફ. ટેલર, શ્રી ઈમુભાઈ એસ. ખ્રિસ્તી, શ્રીમતી શર્મિલાબેન એસ. અર્લિક, શ્રીમતી ઈમરોઝ ક્રિશ્ચિયન તરફથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- ભજનસેવાબાદ બપોરે શેરી અને સૈયાંત બોરડી ગામોની અંદર જરૂરિયાદમંદ કુટુંબોને અનાજ કરિયાણાની કીટ-કપડાં-ધાબળા-ચાદર-ટુવાલ, મોજાં, બિસ્કીટ્સ વિગેરે આપવામાં આવ્યા. પ્રભુમાં વ્હાલા દાતાશ્રીઓનો પુષ્કળ આભાર.
  આ મદદ સ્થાનિક મહિલા મંડળ આયોજીત હતી. મહિલા મંડળનો આભાર. વિગતવાર અહેવાલ અલગ આપવામાં આવેલ છે.
- તા.૧૯-૧૨-૨૨ સાંજે વિક્ટરભાઈ વી. મેકવાનના ઘરે મણીનગર અને આજુબાજુના સભ્યો કેરલ્સમાં જોડાયા હતા. શ્રી વિક્ટરભાઈ તથા પરિવાર તરફથી ચ્હા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
- તા.૨૦-૧૨-૨૨ સાંજે શ્રીમતી આગ્નેશબેન જે. મેકવાનના ઘરે વાડજ અને આજુબાજુના સભ્યો કેરલ્સમાં જોડાયા હતા. શ્રીમતી આગ્નેશબેન જે. મેકવાન કુટુંબ તરફથી સર્વ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. શ્રી એન્થનીભાઈ એસ. ઈમાનુએલ તરફથી મીઠાઈ આપવામાં આવી હતી. સર્વનો આભાર.
- તા. ૨૧-૧૨-૨૨ સ્થાનિક ચર્ચમાં કેરલ્સ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સ્થાનિક બાળકોએ સુંદર ગીતો ગાયા હતા. ક્વાયરે ગીતો ગાયા હતા. સર્વનો આભાર. સર્વ ગરબામાં જોડાયા હતા.
  શ્રી રોહિતભાઈ ફ્રાન્સિસ તથા કુટુંબ તરફથી તેમના દીકરા લવિન્યાસના જન્મ દિવસ (૨૪-૧૨) નિમિત્તે સર્વ માટે ચ્હા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.

- તા. ૨૫-૧૨-૨૨ નાતાલની ભજનસેવા ચલાવવામાં આવી હતી. ચર્ચના સર્વ વ્હાલાઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. સ્થાનિક પાળકે સર્વના સહકાર માટે આભાર વ્યક્ત કર્યો હતો. ચર્ચ અને પાસ્ટોરેટ કમિટી વતી લે-પ્રમુખ શ્રી એન્થનીભાઈ ઈમાનુએલે પાળક કુટુંબનો આભાર વ્યક્ત કર્યો હતો.
- શ્રી એન્થની ઈમાનુએલ અને કુ. વેલેન્ટીના દાસ તરફથી ચ્હા-કેક આપ્યા હતા. આભાર.
- તા. ૨૯-૧૨-૨૨ સાંજે ગેટ ટુ ગેધરનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વ માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આગાપે મેથોડિસ્ટ ચર્ચ, મારિયાપાર્કની ભજન મંડળીને આમંત્રણ આપવામાં આવ્યું હતું. સુંદર ગીતો ગાયા હતા. ગાયન ટોળીના ગીતો સાથે સર્વ ગરબામાં જોડાયા હતા. રેવ. રાજુભાઈ પરમાર સાહેબે ટૂંકુ મનન કરાવ્યું હતું.
  આ સમગ્ર કાર્યક્રમ શ્રી રાજુભાઈ પેટ્રીક પરિવાર તરફથી સ્પોન્સર કરવામાં આવ્યો હતો. આભાર.
- તા. ૩૧-૧૨-૨૨ વૉચનાઈટ સર્વિસ અને રમત-ગમતમાં પણ જોડાયા હતા. ફટાકડાના આનંદ સાથે નવા વર્ષને આવકારતાં શુભેચ્છા પાઠવવામાં આવી હતી. ઘણાએ સાક્ષી આપી હતી.
  શ્રી પ્રકાશભાઈ એસ. ખ્રિસ્તી પરિવાર તરફથી સર્વ માટે ચ્હા-નાસ્તાની વ્યવસ્થા તેમના દિકરા ક્રિસ્ટનના જન્મ દિવસ નિમિત્તે કરવામાં આવી હતી. આભાર.
- ફટાકડા શ્રી રાજેશભાઈ ક્રિશ્ચિયન તથા શ્રી ડિક્સનભાઈ હેરી તરફથી આપવામાં આવ્યા હતા.
- રમતના ઈનામ શ્રી સુનિલભાઈ મેકવાન તથા એક ચર્ચ સભ્ય તરફથી આપવામાં આવ્યા હતા. સર્વનો પુષ્કળ આભાર.
- ખ્રિસ્ત જન્મ જયંતિ પર્વ ૨૦૨૨માં સ્થાનિક ચર્ચના સર્વ વ્હાલાઓ જુદી જુદી રીતે મદદરૂપ થનાર તથા સેલિબ્રેશન કમિટી તથા સ્ટાર, લાઈટીંગ કરનાર ક્રિસ્મસ ફાધરની સેવા આપનાર સર્વનો આભાર.

## જાહેરાત

- તા. ૫-૨-૨૩ રવિવારની ભજનસેવામાં ૬૫ વર્ષથી ઉપરના સર્વ સભ્યોનું ખાસ સન્માન કરવાનું હોવાથી ચર્ચમાં હાજરી આપશો.
- તા. ૫-૨-૨૩ રવિવારની ભજનસેવા બાદ પુનર્નિયમ ૧૮-૩૪ આધ્યાયની લેખિત બાઈબલ કવીઝ લેવાશે.
- તા. ૨૨-૧-૨૩ રવિવારથી સન્ડેસ્કૂલ શરૂ થશે. સર્વ બાળકો હાજરી આપશો.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી પારૂલબેન એ. પેટ્રીક | આ.સ્તુ. | ૨૦૦ |
| ૨. | શ્રીમતી કૃતિ નિરવ મહિડા | બર્થડે | ૫૦૦ |
| ૩. | શ્રીમતી મેરેલીન નિલય ચૌહાણ | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૪. | એરિક નિલય ચૌહાણ | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૫. | એશલીન નિલય ચૌહાણ | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૬. | શ્રીમતી ઉર્વીબેન જે. દાસ | બર્થડે | ૫૦૦ |
| ૭. | અર્પણ એ. સોલોમન | બર્થડે | ૨૦૦ |
| ૮. | એશરોન એ. પેટ્રીક | આ.સ્તુ. | ૫૦૦ |
| ૯. | એશરોન એ. પેટ્રીક | બર્થડે | ૫૦૦ |
| ૧૦. | સ્વ. ફ્રેન્કલીન ડી. ટેલર | બર્થડે | ૫૦૦ |
| ૧૧. | શ્રી રાજ એસ. શાહ<br>કનસલ્ટન્સી જોબ મળવાથી | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૧૨. | શ્રી એન્થનીભાઈ એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૧૩. | લવિયાન્સ ફ્રાન્સિસ | બર્થડે | ૫૦૦ |
| ૧૪. | કુ. સીલીયાબેન એસ. મેકવાન | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૧૫. | શ્રીમતી કમળાબેન કે. સોલંકી | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૬. | શ્રી આર્થરભાઈ એ. પેટ્રીક | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૭. | શ્રી સુલેમાનભાઈ એસ. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૮. | શ્રી શૈલેષભાઈ જે. માસ્ટર | બર્થડે | ૫૦૦ |

૧. દર રવિવારની ભજનસેવામાં કુટુંબ સાથે ભાગ લો.
૨. ભજનસેવા બાદ બાળકોએ સન્ડેસ્કૂલમાં હાજરી આપવી.
૩. મહિનાના ત્રીજા રવિવારે ભજનસેવા બાદ મહિલા મંડળની સંગતમાં બહેનોએ હાજરી આપવી.
૪. મહિનાના બીજા રવિવારે ભજનસેવા બાદ પાસ્ટરેટ કમિટીમાં કમિટી સભ્યોએ હાજરી આપવી.
૫. આપના સુગંધીદાર ધૂપ સમાન દાનો પ્રાર્થના સહ અર્પણ કરતા રહેશો.
૬. એકબીજા માટે પ્રાર્થના કરવાનું ચાલુ રાખશો.

## નાણાંકીય અહેવાલ નવેમ્બર-૨૦૨૨

| | | |
|---|---|---|
| **તા. ૦૧-૧૧-૨૨ ની ઉઘડતી સિલક** | | |
| | રોકડ | ૧,૩૩,૨૨૩-૮૮ |
| | બેંકમાં | ૩,૨૯,૭૫૫.૧૪ |
| **નવેમ્બર-૨૨માં થયેલ** | આવક | ૧,૪૦,૮૪૮.૦૦ |
| | કુલ | ૬,૦૩,૮૨૭.૦૨ |
| **તા.૩૧-૧૧-૨૨ની બંધ સિલક** | રોકડ | ૧,૮૬,૦૧૩.૮૮ |
| | બેંક | ૩,૨૦,૭૨૦.૧૪ |
| **ઓક્ટોબર-૨૨માં થયેલ** | જાવક | ૯૭,૦૯૩.૦૦ |
| | કુલ | ૬,૦૩,૮૨૭.૦૨ |

**શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર**

# શાહપુર મેથોડિસ્ટ ચર્ચ મહિલા મંડળ

## ફુડપેકેટ વિતરણ કાર્યક્રમ

'દયાળુઓને ધન્ય છે, કેમ કે તેઓ દયા પામશે.' માથ્થી ૫:૭

સૌપ્રથમ આ કાર્ય સફળ બનાવનાર ઈશ્વરપિતાનો ખૂબ ખૂબ આભાર.

ખ્રિસ્તમાં પાળકસાહેબ રેવ. અરવિંદ ખ્રિસ્તી તથા મહિલામંડળના પ્રમુખબહેન શ્રીમતી રોઝમેરીબેનની આગેવાનીમાં તા. ૩૧-૧૨-૨૦૨૨ના શનિવારે સાંજે ફુડપેકેટના વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમનો મહિલામંડળના દરેક સભ્યો અંતઃકરણના ઊંડાણથી આભાર માનીએ છીએ.

આ કાર્યક્રમને સફળ બનાવવા દાન આપનાર દાતાઓ

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી પ્રતિભાબેન મહિડા | ૨૦૦૦ |
| ૨. | શ્રી મનોજભાઈ ચૌહાણ | ૫૦૦ |
| ૩. | શ્રી જીમીભાઈ ડેવિડ | ૫૦૦ |
| ૪. | શ્રીમતી મોનિકાબેન પેટ્રિક | ૫૦૦ |
| ૫. | શ્રીમતી ડોરોથીબેન જે. દાસ | ૫૦૦ |
| ૬. | શ્રીમતી અરૂણાબેન ગામડિયા | ૫૦૦ |
| ૭. | શ્રીમતી વેલેન્ટીનાબેન ગોહિલ | ૫૦૦ |
| ૮. | શ્રીમતી અર્પિતાબેન હેરી | ૫૦૦ |
| ૯. | શ્રી એનન પેલમોર | ૫૦૦ |
| ૧૦. | શ્રીમતી કમળાબેન કે. સોલંકી | ૨૦૦ |

દાતાઓએ આપેલા દાનમાંથી ૧૫૦ ફુડપેકેટ બનાવવામાં આવ્યા હતા.

આ સઘળા આયોજન માટે ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ.

દાન આપનાર દાતા ભાઈ-બહેનોનો તથા ફુડપેકેટ બનાવી ચર્ચ પર પહોંચતા કરનાર, વહેંચવામાં મદદ કરનાર તથા જુદી જુદી રીતે સેવા આપનાર મંડળીના ભાઈબહેનોનો મહિલા મંડળ હૃદયના ઊંડાણથી આભાર માને છે.

## મહિલા મંડળની નાતાલ ઉજવણીનો અહેવાલ

'ગરીબ પર દયા રાખનાર યહોવાહને ઉછીનું આપે છે.' નીતિવચન ૧૯:૧૭

ખ્રિસ્તમાં પાળકસાહેબ તથા શાહપુર મેથોડિસ્ટ મંડળીના સભ્યોને નાતાલ તથા નવા વર્ષની પ્રેમી સલામ.

દેવબાપની કૃપાથી દર વર્ષની જેમ આ વર્ષે પણ મહિલામંડળ દ્વારા નાતાલ પ્રસંગે જે કાર્યક્રમો કરવામાં આવ્યા. તેમાં મંડળીના સભ્યોએ આપેલ સાથ અને સહકાર માટે સર્વનો આભાર માનીએ છીએ.

તા. ૧૧-૧૨-૨૦૨૨નાં રવિવારે મહિલામંડળ દ્વારા મઠિયા અને ચોળાફળીનું વેચાણ કરવામાં આવ્યું હતું.

તા. ૧૮-૧૨-૨૦૨૨ના રવિવારે શાહપુર ચર્ચના મહિલામંડળ દ્વારા પાળકસાહેબ રેવ. અરવિંદ ખ્રિસ્તી તથા મહિલામંડળના પ્રમુખબેન શ્રીમતી રોઝમેરીબેનની આગેવાનીમાં પાસ્ટોરેટ કમિટીના સભ્યો તથા મહિલામંડળના બેનો અલીણા પાસે શેરી ગામ તથા બોરડી ગામની મુલાકાતે ગયા હતા. ત્યાંના પાળકસાહેબની ગેરહાજરીમાં ત્યાંની મંડળીના આગેવાન શ્રી યુસુફભાઈ અને શ્રી શેરીલભાઈ ડિસોઝા તથા પાસ્ટોરેટના સભ્યોએ અમારું સ્વાગત કર્યું હતું અને અમેન ફૂલહાર પહેરાવ્યા હતા. આપણા પાળકસાહેબે બધાની ઓળખાણ આપી હતી. બધાએ ભેગા મળી 'આવી આનંદી નાતાલ...' ગીત સાથે તાળી પાડી ગાયું હતું. રેવ. અરવિંદ સાહેબે નાતાલ વિશે શેરી ગામમાં સંદેશો આપ્યો હતો.

શેરી ગામમાં ૧૬ અનાજની કીટ્સ તથા વસ્તુઓ આપવામાં આવી હતી.

મહિલામંડળના ઉપપ્રમુખ શ્રીમતી કમળાબેને પ્રાર્થના કરાવી હતી ત્યાંથી અમે બોરડી ગામ જવા નીકળ્યા હતા.

બોરડી ગામમાં પણ અમને શ્રી યુસુફભાઈ અને શ્રી શેરીલભાઈ ડિસોઝા અમારી સાથે આવ્યા હતા. ગામના લોકો સાથે મળી 'આવો વિશ્વાસીઓ' ગીત ગાયું. રેવ. અરવિંદસાહેબે નાતાલનો સંદેશો આપી પ્રાર્થના કરાવી. બોરડી ગામમાં ૧૨ અનાજની કીટ્સ તથા વસ્તુઓ આપવામાં આવી હતી.

મહિલામંડળના સેક્રેટરી શ્રીમતી મંદાકિનીબેને પ્રાર્થના કરાવી હતી. ત્યાંથી અમે પરત આવ્યા હતા.

શેરી અને બોરડી ગામમાં અમને સારો આવકાર મળ્યો માટે ત્યાંના લોકોનો આભાર માનીએ છીએ.

**ભેટ આપનાર શાહપુર મંડળીના દાતાઓ :**

૧. શ્રીમતી મોનિકાબહેન ડેવિડ તરફથી ૩૦ નંગ ધાબળા + ૩૦ નંગ ટુવાલ
૨. શ્રી જીમીભાઈ ડેવિડ તરફથી ૩૦ કિલો અમૂલનો ઘઉંનો લોટ
૩. શ્રીમતી ડોરોથીબેન જે દાસ તથા કુટુંબ તરફથી ૩૦ બેડશીટ
૪. શ્રીમતી ઉર્વિબેન તરફથી ૧૦ જોડી મોજા
૫. શ્રીમતી પ્રતિમાબેન માસ્ટર તરફથી ૧૫ અનાજની કીટ
૬. શ્રી સુનિલભાઈ મેકવાન તરફથી ૧૦ અનાજની કીટ
૭. શ્રી મનોજભાઈ ચૌહાણ તરફથી ૫ અનાજની કીટ
૮. શ્રીમતી કમળાબેન કે. સોલંકી તરફથી બિસ્કિટ + ચોકલેટ

- આ આયોજનને સફળ બનાવવા બદલ ઈશ્વરપિતાનો ખૂબજ આભાર.
- પાળકસાહેબ રેવ. અરવિંદ ખ્રિસ્તી તથા મહિલામંડળના પ્રમુખબહેન શ્રીમતી રોઝમેરીબહેનનો ખૂબ આભાર કે તેઓએ મહિલામંડળને દોરવણી પૂરી પાડી.
- સર્વ દાતા ભાઈબહેનોનો ખૂબ આભાર.

મહિલામંડળની સેવાઓમાં સહકાર આપવા બદલ તથા ભાગીદાર થવા બદલ દરેક સભ્યોનો અંતઃકરણના ઊંડાણની મહિલામંડળ આભાર માને છે.

**શ્રીમતી મંદાકીનીબહેન એલ. પેલમોર**
સેક્રેટરી, શાહપુર મેથોડિસ્ટ ચર્ચ, મહિલા મંડળ